30થી 35 લાખ MT વેસ્ટના ગેરકાયદેસર નિકાલનો ગંભીર આરોપ

# કચરાના ડમ્પિંગમાં કરોડોનું કૌભાંડ?

**કોન્ટ્રાક્ટર** પાલિકા પાસે પ્રતિટન કચરાને ટ્રીટ કરીને નિકાલ કરવાના 790 રૂપિયા વસૂલે છે

**બાયો-માઇનિંગ**, કમ્પોસ્ટિંગ કે ઇન્સિનેરેશન કર્યા વગર જ કચરાના નિકાલની આશંકા

### રૂ. 237 કરોડથી વધુના આર્થિક નુકસાનની સંભાવના

જો 30 લાખ મેટ્રિક ટન વેસ્ટનો ગેરકાયદે નિકાલ થયો હોવાનું માનવામાં આવે તો પ્રતિ MT રૂ. 790ના હિસાબે આશરે રૂ. 237 કરોડ જેટલું આર્થિક નુકસાન થયાની સંભાવના દર્શાવવામાં આવી છે. ફરિયાદમાં કોન્ટ્રાક્ટર, SMCના અધિકારીઓ અને મોનિટરિંગ એજન્સીઓ વચ્ચે મિલીભગત હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

### આ કાયદાનું ઉલ્લંઘન

» સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ-2016, એન્વાયરોમેન્ટ પ્રોટેક્શન એક્ટ 1986
» વોટર એક્ટ 1974 અને એર એક્ટ 1981
» છેતરપિંડી, ભરોસાનો ભંગ) તથા પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ 1988

### ક્રિમિનલ તપાસ અને ફોરેન્સિક ઓડિટની માંગ

» પોલીસ અથવા SIT દ્વારા બિલિંગ, વેઇબ્રિજ અને પેમેન્ટ રેકોર્ડની ક્રિમિનલ તપાસ
» તમામ નાણાકીય વ્યવહારોનું ફોરેન્સિક ઓડિટ,
» તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોન્ટ્રાક્ટરને ચુકવણી સ્થગિત કરવી
» SMC, GPCB અને જિલ્લા તંત્રની સંયુક્ત ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોનું તાત્કાલિક નિરીક્ષણ
» જવાબદાર અધિકારીઓ, કોન્ટ્રાક્ટર અને મોનિટરિંગ એજન્સીઓ સામે કાનૂની કાર્યવાહી
» નાણાકીય નુકસાન અને પર્યાવરણીય વળતર વસૂલવાની કાર્યવાહી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વેસ્ટ મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ અંતર્ગત કાંકરિયા ગામ અને આસપાસના વિસ્તારોમાં કરોડોની કિંમતના કચરાના ગેરકાયદે નિકાલના મામલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે તંત્રને લેખિત ફરિયાદ આપી તાત્કાલિક ક્રિમિનલ તપાસ, ફોરેન્સિક ઓડિટ અને કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ફરિયાદ મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને વેસ્ટના વૈજ્ઞાનિક નિકાલ માટે પ્રતિ મેટ્રિક ટન રૂ. 790ની ચૂકવણી કરવામાં આવે છે. કુલ અંદાજે 25થી 35 લાખ મેટ્રિક ટન વેસ્ટના નિકાલ માટે આ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હોવાનું જણાવાયું છે, જેની કુલ કિંમત રૂ. 197.5 કરોડથી રૂ. 276.5 કરોડ જેટલી થાય છે. પરંતુ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે વૈજ્ઞાનિક ટ્રીટમેન્ટ જેમ કે બાયો-માઈનિંગ, કમ્પોસ્ટિંગ કે ઈન્સિનેરેશન કરવામાં આવ્યા વગર મોટા પ્રમાણમાં કચરો ખુલ્લી જમીન, ખેતરો અને પાણીના સ્ત્રોતોમાં ગેરકાયદે રીતે ડમ્પ કરવામાં આવ્યો છે. આ ગેરકાયદે પ્રવૃત્તિ કાંકરિયા ગામ ઉપરાંત ખજોદ, ડુમસ, વેસુ સહિત 10થી 15 આસપાસના ગામોમાં ફેલાયેલી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જેના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, ભૂગર્ભજળ પ્રદૂષિત થયું છે અને સ્થાનિક નાગરિકોના આરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે. શ્વાસની તકલીફો, ત્વચા રોગો અને કેન્સર જેવા ગંભીર આરોગ્ય જોખમોમાં વધારો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

800થી વધુ દરખાસ્તમાં લાંચિયા કલેક્ટરે ખેલ પાડ્યો

# ડો.રાજેન્દ્ર પટેલે 800 કેસમાં 10 કરોડથી વધુની લાંચ લીધી

**કલેક્ટર** લાંચની 50 ટકા રકમ પોતાની પાસે જ રાખતા હતા

**લાંચની** આવક-જાવકની હિસાબ શીટ પણ મળી

ગાંધીનગરઃ સુરેન્દ્રનગરમાં 1500 કરોડના જમીન એનએ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ દ્વારા સઘન તપાસ દરમ્યાન ચોંકાવનારા ખુલાસા કરાયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના તત્કાલીન કલેક્ટર ડો. રાજેન્દ્ર પટેલને રિમાન્ડ પર મેળવતી વખતે ઈડીના તપાસનીશ અધિકારી દ્વારા કરાયેલી રિમાન્ડ અરજીમાં બહાર આવેલી વિગતો મુજબ, કલેક્ટરના પીએ તથા નાયબ મામલતદાર મોરીએ ઘટસ્ફોટ કર્યો છે કે લાંચની 50 ટકા રકમ કલેક્ટર પોતે જ રાખતા હતા. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર આર કે ઓઝાને 25 ટકા રકમ લાંચની વહેંચવામાં આવતી હતી. 10 રકમ મામલતદાર મયૂર દવેને, 10 ટકા ચંન્દ્રસિંહ મોરીને અને 5 ટકા કલાર્ક મયૂરસિંહ ગોહિલને મળતી હતી. ઈડીની તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ અંદાજિત 800 જેટલી ફાઈલોમાં સ્પીડ મની તરીકે કલેક્ટર ડો રાજેન્દ્ર પટેલ દ્વારા 10 કરોડ કરતાં વધુ રકમની લાંચ લેવામાં આવી છે. આગામી 7મી જાન્યુઆરી સુધી કલેક્ટર ડો રાજેન્દ્રકુમાર પટેલ ઈડીની કસ્ટડીમાં રિમાન્ડ પર છે.

ઈડીના સૂત્રોએ કહ્યું હતું કે કલેક્ટરના પીએસ જયરાજસિંહ ઝાલા દ્વારા સમગ્ર જમીન એનએ કૌભાંડનો હિસાબ રાખવામાં આવતો હતો. ઝાલાએ પણ કબૂલાત કરી લીધી છે કે લાંચની 50 ટકા રકમ કલેક્ટર દ્વારા પોતે રાખી લેવામાં આવતી હતી. 800 એનએ ફાઈલોમાં લાંચની મોટી રકમ લેવામાં આવી છે, જેમાં 50 ટકા રકમ કલેક્ટરે પોતે જ લીધી છે. લાંચની રકમ રોકડમાં સ્પીડ મની તરીકે લાવમાં આવતી હતી.

પીએ જયરાજસિંહ ઝાલા લાંચની આવક-જાવકની 'હિસાબ શીટ' કલેક્ટર સાથે શેર કરતો હોવાનું પણ નિવેદનમાં ઉલ્લેખિત છે. એક ચેતન નામની વ્યક્તિએ 65 લાખની લાંચ આપી હોવાનું ઈડીને નિવેદન પણ આપ્યું છે.

નેચર ક્લબ સુરત-વન વિભાગનાં ડીઅર બ્રીડિંગ સેન્ટરમાંથી

# 12 ચિત્તલનું સોફ્ટ રિલીઝ, આજદિન સુધી 80 છોડાયા

**વનમાં** શાકાહારી પ્રાણીઓની સંખ્યા વધારી દીપડા-માનવ ઘર્ષણ ઘટાડવાનો પ્રયાસ



સુરતઃ વન્યજીવ સંરક્ષણ અને પ્રાકૃતિક સંતુલન જાળવવાના હેતુસર નેચર ક્લબ સુરત અને ગુજરાત વન વિભાગ દ્વારા સંચાલિત ડીઅર બ્રીડિંગ સેન્ટરમાંથી આજે 12 ચિત્તલને સોફ્ટ રિલીઝ એન્ક્લોઝરમાં સફળતાપૂર્વક છોડવામાં આવ્યા હતા. તમામ ચિત્તલને છોડતાં પહેલાં તેમની જરૂરી આરોગ્ય તપાસ કરવામાં આવી હતી અને વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસાર સોફ્ટ રિલીઝ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી.

### નેચર ક્લબ દ્વારા ગામોમાં જાગૃતિ કાર્યક્રમો પણ આયોજિત

હરણ છોડવાના કાર્યક્રમની સાથે સાથે નેચર ક્લબ સુરત દ્વારા નજીકની શાળાઓ અને ગામોમાં જાગૃતિ કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમો દ્વારા સ્થાનિક સમુદાયને હરણ જેવા શાકાહારી વન્યજીવોનો શિકાર નહીં કરવા અંગે જાગૃત કરવામાં આવે છે તેમજ સમજાવવામાં આવે છે કે આવા પ્રાણીઓનું સંરક્ષણ કરવાથી દીપડા માનવ વસાહતો તરફ નથી આવતા અને વન્યજીવો તથા માનવો વચ્ચે સહઅસ્તિત્વ શક્ય બને છે.

નેચર ક્લબ સુરત અને ગુજરાત વન વિભાગ દ્વારા સંચાલિત હરણ ઉછેર કેન્દ્ર દ્વારા આજદિન સુધી કુલ 80 ચિત્તલને જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે છોડવામાં આવ્યા છે. ડીઅર બ્રીડિંગ સેન્ટરનો મુખ્ય હેતુ વનમાં શાકાહારી પ્રાણીઓની સંખ્યા વધારવાનો છે, જેથી વન પર્યાવરણની જૈવિક વિવિધતાનું સંતુલન જળવાઈ રહે. શાકાહારી પ્રાણીઓની સંખ્યા વધવાથી દીપડા જેવા માંસાહારી પ્રાણીઓને વનમાં કુદરતી આહાર સરળતાથી ઉપલબ્ધ થાય છે, જેના પરિણામે તેઓ માનવ વસાહતો તરફ આવતાં અટકે છે અને માનવ-વન્યજીવ વચ્ચેનો ઘર્ષણ નોંધપાત્ર રીતે ઘટે છે. નેચર ક્લબ સુરત અને ગુજરાત વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતો આ પ્રયાસ વન્યજીવ સંરક્ષણ અને પ્રાકૃતિક સંતુલન જાળવવા માટે મહત્વપૂર્ણ પગલું ગણાઈ રહ્યો છે. આવનારા સમયમાં પણ આવા સંરક્ષણાત્મક પ્રયાસો સતત ચાલુ રાખવામાં આવશે. આ પ્રસંગે વન વિભાગના RFO અન્તિકા તિવારી, ફોરેસ્ટર મીનાબેન એસ. ધૂમ, બીટ ગાર્ડની ટીમ તથા અન્ય વન કર્મચારીઓ ઉપરાંત નેચર ક્લબ સુરતના પ્રેસિડેન્ટ સ્નેહલભાઈ પટેલ અને ક્લબના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

વેરા વસૂલાતમાં નવી ઊંચાઈ માટે સુરત જિલ્લો સજ્જ

# તલાટી, પંચાયત કર્મચારીઓને ખાસ તાલીમ આપવામાં આવશે

**ડીડીઓ** શિવાની ગોયલના નેતૃત્વમાં 2025-26 માટે વ્યાપક ઝુંબેશનું આયોજન

સુરતઃ ગ્રામ્ય વિકાસને આર્થિક રીતે વધુ સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે સુરત જિલ્લામાં વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ માટે વેરા વસૂલાત ઝુંબેશને વધુ અસરકારક બનાવવા જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગ્રામ પંચાયતોના સ્વભંડોળમાં વધારો કરી ગામોના સર્વાંગી વિકાસને નવી ગતિ આપવાની દિશામાં વ્યૂહરચના તૈયાર કરવામાં આવી.

બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીએ ગત વર્ષે કરાયેલી વેરા વસૂલાતની કામગીરીની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રૂ. ૯૦.૭૩ કરોડની વેરા વસૂલાત સાથે સુરત જિલ્લાએ સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જે જિલ્લાની કાર્યક્ષમ વહીવટ અને કર્મચારીઓની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આ સફળતાને આધાર બનાવી ચાલુ વર્ષે વધુ ઊંચા લક્ષ્યાંક હાંસલ કરવા સૌને તૈયાર રહેવા અનુરોધ કર્યો હતો. ડીડીઓએ તમામ તલાટીઓ અને ગ્રામ પંચાયત કર્મચારીઓને હકારાત્મક અભિગમ, જનસંપર્ક અને નિયમિત અનુસરણ દ્વારા વેરા વસૂલાતની કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી. સાથે જ તાલુકા વિકાસ અધિકારીઓને નબળી કામગીરી ધરાવતા ગામોની સમયાંતરે સમીક્ષા કરવા અને અસરકારક દેખરેખ રાખવા દિશાનિર્દેશ આપ્યા હતા. આ વર્ષે વેરા વસૂલાત ઝુંબેશને વધુ ગતિ આપવા તલાટીઓ માટે માર્ગદર્શક બેઠકો તથા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. વેરા વસુલાતમાં આવતી અડચણો દૂર કરી પ્રક્રિયાને સરળ અને ઝડપી બનાવવાના સુસંગત પ્રયાસો હાથ ધરાશે. 80 ટકા કરતાં વધુ વસૂલાત કરનારી પંચાયતોને પ્રોત્સાહન સહાય અપાશે.

### ૩૨૧ ગ્રામ પંચાયતોમાંથી ૬૮એ ૧૦૦ ટકા વસૂલાત કરી ઇતિહાસ રચ્યો

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે સુરત જિલ્લાની ૩૨૧ ગ્રામ પંચાયતમાંથી મોટાભાગે ૮૦ ટકા કરતાં વધુ વેરા વસૂલાત પૂર્ણ કરી હતી. આ સિદ્ધિના પરિણામે પંચાયતોને અંદાજે રૂ. ૬ કરોડ જેટલી પ્રોત્સાહક સહાય મળવાપાત્ર બની છે. ખાસ કરીને ૬૮ ગ્રામ પંચાયતએ ૧૦૦ ટકા વેરા વસૂલાત પૂર્ણ કરી પ્રશંસનીય કામગીરી કરી હતી.

# વેરા નિરીક્ષકની પરીક્ષામાં OMR શીટ પર અંગૂઠો લેવાશે

**GPSC** રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પરીક્ષામાં આજે, સુરતમાં 6,356 ઉમેદવાર

**27 પરીક્ષા** કેન્દ્રો ખાતે, 6 રૂટ તૈયાર કરાયાં

### સ્ટ્રોંગ રૂમમાંથી પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્ર સુધી મામલતદાર સ્તરના 6 અધિકારીઓ પહોંચાડશે

આયોગના પ્રતિનિધિ તરીકે વર્ગ-2 કક્ષાના કુલ 27 કર્મચારીની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે તમામ 27 પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવીની દેખરેખ માટે વર્ગ-3 કક્ષાના કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. ઉપરાંત, સ્ટ્રોંગ રૂમમાંથી પ્રશ્નપત્રો પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવા માટે વર્ગ-2 કક્ષાના મામલતદાર સ્તરના 6 અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR શીટોને કડક પોલીસ બંદોબસ્ત સાથે તાત્કાલિક ગાંધીનગર ખાતે મોકલવામાં આવશે અને આ સમગ્ર પ્રક્રિયા વર્ગ-1ના અધિકારીની હાજરીમાં પૂર્ણ કરવામાં આવશે.

સુરતઃ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની ભરતી માટેની લેખિત પરીક્ષા 4 જાન્યુઆરી 2026ના રોજ સવારે 11થી બપોરે 1 વાગ્યા સુધી યોજાનાર છે. સુરત શહેરમાં આ પરીક્ષામાં કુલ 6,356 ઉમેદવાર ઉપસ્થિત રહેશે.

સુરત ખાતે કુલ 27 પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે તથા પરીક્ષા વ્યવસ્થાપન માટે કુલ 6 રૂટ તૈયાર કરવામાં આવ્યા છે. પરીક્ષા સંપૂર્ણપણે પારદર્શક અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે આયોગ દ્વારા કડક સુરક્ષા અને દેખરેખની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષાના પ્રશ્નપત્રોની સલામતી માટે વર્ગ-1ના અધિકારીને GPSCના નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ અધિકારીઓ ગાંધીનગર ખાતેથી પ્રશ્નપત્રો લઈ આવી જિલ્લા તિજોરી ખાતેના સ્ટ્રોંગ રૂમમાં પોતાની હાજરીમાં જ મૂકશે. પ્રશ્નપત્રો ગાંધીનગરથી લાવવા દરમિયાન એસીપી કક્ષાના પોલીસ અધિકારીની દેખરેખ પણ રહેશે. સુરતના તમામ 27 પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા દરમિયાન સીસીટીવી કેમેરાની સતત દેખરેખ રહેશે. પ્રથમ વખત ઉમેદવારોના ડાબા હાથના અંગુઠાનું નિશાન OMR શીટ પર લેવાશે. GPSC પરીક્ષામાં પ્રથમ વખત મહત્વપૂર્ણ નવી વ્યવસ્થા તરીકે ઉમેદવારોના ડાબા હાથના અંગૂઠાનું નિશાન OMR શીટ પર લેવામાં આવશે, જેથી ઓળખની ખાતરી અને ગેરરીતિ રોકી શકાય. GPSC દ્વારા લેવાતી આ પરીક્ષા માટે સુરત જિલ્લામાં તમામ વહીવટી, પોલીસ અને પરીક્ષા સંચાલન સાથે જોડાયેલા વિભાગોને સંપૂર્ણ સતર્કતા અને સંકલન સાથે કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### કોરોના પછી...

રહી છે. સામાન્ય રીતે બેથી ત્રણ દિવસમાં મટી જતી ખાંસી હવે દસ દિવસથી લઈને બે થી ત્રણ અઠવાડિયા સુધી ચાલતી હોવાનું જોવા મળી રહ્યું છે. તબીબોના કહેવા મુજબ, કોરોના બાદ વાયરલ ઈન્ફેક્શનની પેટર્નમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો છે. અગાઉ 3-4 દિવસમાં ઠીક થતું વાયરલ હવે લાંબા સમય સુધી શરીરને અસર કરે છે, જેમાં ખાસ કરીને ઉધરસ અને કફની તીવ્રતા વધુ હોય છે. સુરત નવી સિવિલ હોસ્પિટલના એક વરિષ્ઠ તબીબે જણાવ્યું હતું કે, "મોસમી ફેરફાર દરમિયાન વાયરલ ઈન્ફેક્શન થવું સામાન્ય છે, પરંતુ જો લક્ષણો 3-4 દિવસમાં ન ઘટે તો તરત તબીબી સલાહ લેવી જરૂરી છે. અગાઉ રોજ દસેક જેટલા દર્દીઓ આવતાં હતા, જ્યારે હાલ રોજે રોજ લગભગ 60 જેટલા દર્દીઓ ગળાના દુઃખાવા, ઉધરસ અને વાયરલની ફરિયાદ સાથે સારવાર માટે આવી રહ્યા છે." તબીબોના મતે, સમયસર યોગ્ય સારવાર લેવાથી ગંભીર જટિલતાઓ ટાળી શકાય છે. મોડું સારવાર લેતા કેટલાક દર્દીઓમાં છાતીમાં ચેપ, શ્વાસ લેવામાં તકલીફ અને લાંબા સમય સુધી ચાલતી ઉધરસ જેવી સમસ્યાઓ ઉભી થઈ શકે છે.

### બચાવના ઉપાયો...

નાખી ગાર્ગલ કરવું
- મધ અને આદુની ચા પીવી
- વરાળ લેવી (સ્ટીમ ઇન્હેલેશન)
- હળદરવાળું દૂધ પીવું

### બંને નબીરાએ...

BE-6 (નં.જીજે ૫ જેટી ૬૬૬૭) અને બીએમડબલ્યુ (નં.જીજેપ જેટી ૧૭૧૮)એ સ્વીફ્ટ કારને ઉડાવી દીધી હતી. બંને કાર ૧૫૦ની સ્પીડમાં આગળ જતી સ્વીફ્ટ કારને ઉડાવી ધડાકાભેર અડફેટમાં લેતા ત્રણેય કારનો ખુડદો બોલી ગયો હતો. સ્વીફ્ટ કારમાં ફસાયેલા જૈન પરિવારના રિતેશભાઇ પદમંચદ જૈન, તેમના પત્ની એશાબેન અને દોઢ માસના પુત્રને ફાયરના જવાનોએ બચાવી લીધો હતો.

આ અકસ્માતમાં સ્વીફ્ટ. BMW અને BEદનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સાથોસાથ અકસ્માત એ હદે ગંભીર હતો કે, રોડ પરના 3 ઇલેક્ટ્રીક પોલ પણ જમીનદોસ્ત થઈ ગયા હતા. કાર ઢસડાતા ડિવાઈડરને પણ વ્યાપક નુકશાન થયું હતું. અકસ્માત સર્જી BE-6નો ચાલક ભાગી છૂટયો હતો. જો કે, વેસુ પોલીસે ગણતરીના સમયમાં જ તેને દબોચી લીધો હતો. BE-6ના ચાલક મંથન ભુપતભાઈ પટેલ (ઉ.વ.૨૩, અંબિકા વિજય સોસાયટી, હીરાબાગ, વરાછા)એ દારૂનો નશો કર્યો હોવાથી પોલીસે ડ્રીંક એન્ડ ડ્રાઇવનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. મંથનની કારમાંથી ઇમ્પોર્ટેડ વ્હીસ્કીની બોટલ અને ખાલી ગ્લાસ પણ મળી આવ્યા હતા. પોલીસે મંથનની ૧૮ લાખની કાર કબ્જે લીધી હતી. મંથનની કારમાં હર્ષ કાકડિયા (રહે- ત્રિકમનગર. વરાછા)નામનો યુવક બેસેલો હતો, જેની શોધખોળ શરૂ કરાઈ છે. અકસ્માત બાદ BMWમાં સવાર યુવકો ભાગી છૂટયા હતા. પોલીસ તપાસમાં BMW ઝલક હીરા આહિર (ઉ.વ.૨૫, રહે- રાજહંસ રોયલ ડેન, વેસુ) નામનો નબીરો ચલાવતો હોવાનું બહાર આવતા પોલીસે તેને પણ અટકાયતમાં લીધો હતો. ઝલક પિતા સાથે રિયલ એસ્ટેટનો બિઝનેસ કરે છે. સાથોસાથે તેની સાથે કારમાં રૂષિ સંજીવ પટેલ (ઉ.વ.૨૫, રહે- ત્રિકમનગર, વરાછા) હતો. ઋષિ ડાયમંડ જવેલરીના બિઝનેસ સાથે સંકળાયેલો છે. બંનેને અટકાયતમાં લઇ પુછપરછ કરાઇ હતી. પોલીસે બંનેના આલ્કોહોલના રિપોર્ટ કઢાવતા બંનેના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. જેથી પોલીસે હાલ બંને વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી તેમને જામીન મુક્ત કર્યા હતા.

### સુંવાલી દરિયાકિનારે...

બનાવવા માટે વિવિધ વિભાગોની તૈયારી, સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક નિયંત્રણ તથા સહેલાણીઓની સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તા. ૯ જાન્યુઆરીએ સાંજે ૫.૦૦ વાગ્યે બીચ ફેસ્ટિવલનું ભવ્ય ઉદ્ઘાટન કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

### સ્થાનિક રોજગારી અને પ્રવાસનને વેગ મળશે: સંદીપભાઈ દેસાઈ

બેઠકમાં ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સુંવાલી બીચનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થાય, દરિયાકાંઠાના પ્રવાસનને વેગ મળે, સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન થાય અને મોટી સંખ્યામાં પ્રવાસી-સહેલાણીઓ દરિયાકિનારાની મોજ માણી શકે તે માટે રાજ્ય સરકાર અને જિલ્લા-તાલુકા વહીવટીતંત્ર દ્વારા આ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, સહેલાણીઓની સુવિધા માટે ત્રણેય દિવસ સિટી બસ અને એસ.ટી. બસની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

### 125 જેટલા ફૂડ સ્ટોલ્સ સાથે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ

સુરતની સ્વાદપ્રિય જનતા માટે ફેસ્ટિવલમાં વિશાળ ફુડકોર્ટની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં નાગલીની વાનગીઓ, ડાંગી ડિશ, ઉંબાડિયું સહિત પરંપરાગત અને અવનવી વાનગીઓ પીરસતા આશરે ૧૨૫ જેટલા ફુડ સ્ટોલ્સ રહેશે. સાથે જ શોપિંગ માટે ક્રાફ્ટ સ્ટોલ્સ પણ ઉપલબ્ધ રહેશે. પ્રવાસીઓ પરિવાર અને મિત્રોની સાથે યાદગાર ક્ષણો કેદ કરી શકે તે માટે ફોટો કોર્નર (સેલ્ફી પોઈન્ટ) ગોઠવાશે. આ ઉપરાંત દેશી અને પરંપરાગત રમતો, રમતગમત, લોકડાયરો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા દરિયાકિનારાનો આહ્લાદક માહોલ સર્જાશે.

### સુરક્ષા અને...

કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરક્ષા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

### આ રોડ...

છે. મોરા ત્રણ રસ્તાથી એલએન્ડટી થઈને સુવાલી જવાનું અને સુવાલીથી રાજગારી ગામો મારફતે મોરા ગામ તરફ આવવાનું માર્ગ વન-વે જાહેર કરવામાં આવશે.

### ઝેરી કચરાના...

જગ્યાએ કેમિકલ માફિયાઓ ટેન્કર લાવી ઠાલવી જતા હતા. આ મોડેસ ઓપરેન્ડીમાં ટેન્કર માલિક સહિત જે તે રસાયણ આપનાર કંપનીના નામ ઓપન થઈ જતા હતા. જેને લઈને હવે સુરતમાં પેધા પડેલા કેમિકલ માફિયાઓએ નવી મોડેસ ઓપરેન્ડી અપનાવી છે. આલ્ફા હોટલ સચિન રોડ ઉપર એક બિનવારસી સ્ટોરેજ ટેન્ક બનાવવામાં આવી હતી. જેમાં ઝેરી રસાયણો સંગ્રહ કરી રાતના અંધારામાં ધીરે ધીરે ખુલ્લામાં ઠાલવતા હતા. આવી જ એક ઘટના આજે બહાર આવી છે. જેમાં જીપીસીબીએ સ્થળ તપાસ કરી સ્ટોરેજ ટેન્કમાંથી એસિડીક કેમિકલ કલેકટ કરી નિકાલ કર્યો હતો.

આ અંગે જીપીસીબીના પ્રાદેશિક અધિકારી અરૂણ પટેલેએ કહ્યું હતું કે સચિન જીઆઈડીસીની કેમિકલ કંપનીની મદદથી સ્થળ ઉપરથી એસિડીક કેમિકલ હટાવી દેવાયું છે. હવે સચિન પોલીસે સ્ટોરેજ ટેન્ક રાખનારા તત્તવોનું પગેરું દબાવવા કવાયત શરૂ કરી છે.

# શૈક્ષણિક લોનના ચેક રિટર્ન કેસમાં રત્નકલાકારને 1 વર્ષની સજા

સુરતઃ ધી વરાછા કો. ઓ. બેંક લિ. પાસેથી શૈક્ષણિક હેતુ માટે લીધેલી લોનના હપ્તાની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં રત્નકલાકાર હસમુખ સાગધરાને કોર્ટે એક વર્ષની કેદની સજાનો હુકમ કર્યો હતો.કેસની હકીકત મુજબ વરાછા બેંક પાસેથી આરોપી હસમુખ ખોડા સાગધરાએ શૈક્ષણિક હેતુ માટે એક લાખની લોન લીધી હતી. હાલમાં હીરા ઉદ્યોગમાં મંદી ચાલી રહી છે,

હપ્તાની ચૂકવણીમાં અનિયમિતતા જણાતા, બાકી લેણી રકમ રૂ.૬૨,૭૮૩ના ચૂકવણા માટે આરોપીએ તા. ૦૭-૦૯-૨૦૨૪નો ચેક આપ્યો હતો, જે ચેક રિટર્ન થયો હતો. બેંકના એડવોકેટ મારફતે કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી. કેસની સુનાવણી બાદ કોર્ટે પુરાવા અને રજૂઆતોને ગ્રાહ્ય રાખી આરોપીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ તકસીરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.


**વલસાડ, નવસારી, ડાંગ જિલ્લાનાં યુવાનો માટે ખાનગીક્ષેત્રમાં રોજગારી મેળવવા ક્લસ્ટર મેગા જોબફેર કાર્યક્રમ**

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લાનાં રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ખાનગી એકમોમાં જોડાવા માટે તા.૦૬-૦૧-૨૦૨૬ નાં રોજ સવારે ૧૦:૦૦ કલાકે પદ્મભૂષણ શ્રી રજજુભાઈ શ્રોફ ઓડીટોરિયમ, નામધા, વાપી ખાતે જિલ્લા રોજગાર કચેરી, વલસાડ, નવસારી, ડાંગના સંયુક્ત ઉપક્રમે યોજાનાર ક્લસ્ટર મેગા જોબફેર કાર્યક્રમમાં ખાનગી કંપનીના નોકરીદાતા દ્વારા ઉમેદવારોની પસંદગી/ઇન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કાર્યક્રમમાં ભાગ લેવા નીચે દર્શાવેલ રોજગારી મેળવવા રોજગારવાંચ્છું ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણપત્રો, પાસપોર્ટ સાઈઝ ફોટો તેમજ આધારકાર્ડની ઝેરોક્ષ કોપી અને બાયોડેટા સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

જરૂરી શૈક્ષણિક લાયકાત :- ધોરણ-૮પાસ / એસ.એસ.સી / એચ.એસ.સી / આઈટીઆઈ તમામ ટ્રેડ, ડિપ્લોમાં, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને ૧૮ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા.

| ક્લસ્ટર મેગા જોબફેરની વિગત | | |
|---|---|---|
| તારીખ | ક્લસ્ટર મેગા જોબફેરનું સ્થળ | સમય |
| ૦૬/૦૧/૨૦૨૬ | પદ્મભૂષણ શ્રી રજજુભાઈ શ્રોફ ઓડીટોરિયમ, નામધા, (રોફેલ કોલેજ પાસે) વાપી | સવારે ૧૦:૦૦ કલાકે |

રોજગાર અધિકારી(જન) વલસાડ

નં. માહિતી/વલસાડ/૭૭૭/૨૦૨૬


# વાપીમાં કન્ટેનરની અડફેટે વરવઠની બે મહિલાના કમકમાટીભર્યા મોત

**વાપીમાં** દિવસે મજૂરી માટે આવેલી બે મહિલા સાંજે ઘરે જવા રસ્તે ઊભી હતી ને મોત મળ્યું

**કપરાડાની** બંને મહિલાના હિટ એન્ડ રન જેવા બનાવમાં કરુણ મોત થતાં વરવઠ ગામમાં ગમગીની પ્રસરી ગઈ હતી

વાપી : વાપી જીઆઈડીસીના ભડકમોરા માનવ મંદિરની પાસે રસ્તાની બાજુમાં ઊભી બે મહિલાને કન્ટેનરે અડફેટે લેતા બંનેના કમકમાટીભર્યા મોત નિપજ્યાં હતા. એક મહિલાના માથા ઉપરથી કન્ટેનરનું ટાયર ફરી જતા મહિલાનું માથું છુંદાઈ ગયું હતું. જ્યારે બીજી મહિલાને પણ માથામાં ઈજા થઈ હોવાથી ચલા સરકારી હોસ્પિટલમાં લઈ જતા હાજર તબીબે મૃત જાહેર કરી હતી.

આ બનાવમાં બંને મહિલા કપરાડા તાલુકાના વરવઠ ગામથી રોજીરોટી કમાવા માટે વહેલી સવારે વાપીના ભડકમોરામાં આવી હતી. ભડકમોરામાં મજૂરી કામ માટે ભેગા થતાં મજૂરોને જ્યાં છૂટક કામ મળે ત્યાં જતા હોય છે.

સવારે પાંચ વાગે મગનભાઈ દેવુભાઈ ચૌધરી તથા તેની ૩૮ વર્ષની પત્ની બનીબેન તથા તેમના ગામની ૩૭ વર્ષના ધવળીબેન મહેશભાઈ ભોયા મજૂરી માટે વાપીના ભડકમોરા આવ્યા હતા. ત્યાંથી વાપી જીઆઈડીસીમાં બંને મહિલા કામ માટે ગઈ હતી. જ્યારે મગનભાઈ પરિયામાં કામ મળતા ત્યાં ગયા હતા. સાંજે ઘરે પરત ફરવાના સમયે ભડકમોરા માનવ મંદિરની પાસે બનીબેન તથા ધવળીબેન ઊભા હતા ત્યારે સેલવાસથી વાપી તરફ આવતા રસ્તા ઉપર એક કન્ટેનર ડીડી- ૦૧-કે-૯૭૦૩ના ચાલકે કન્ટેનરને પૂરઝડપે લાવીને બંને મહિલાને અડફેટે લઈ કમકમાટીભર્યા મોત નિપજાવ્યા હતા. ધવળીબેનના માથા ઉપરથી કન્ટેનરનું ટાયર ફરી જતાં માથું છુંદાઈ જવાથી સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે બનીબેનને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી પરંતુ એ જીવીત હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી ચલાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાઈ હતી. પરંતુ હોસ્પિટલના તબીબે તેને મૃત જાહેર કરતા બંને મહિલાના મોત નિપજ્યાં હતા. વાપી જીઆઈડીસી પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વાપીમાં રોજીરોટી કમાવા માટે આવેલી કપરાડાની બંને મહિલાના હિટ એન્ડ રન જેવા બનાવમાં કરુણ મોત થતાં વરવઠ ગામમાં ગમગીની પ્રસરી ગઈ હતી.


DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી
ઊર્જા સદનની સામે,નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

DGVCL

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીનાં કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ અને સમયે વીજપુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઈ પણ જાતની જાણ કર્યા વગર વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે.જેની નોંધ લઈ સહકાર આપવા વિનંતી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટસેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી માતૃશક્તિ | પૂણા | ૮૯૮૦૮૦૩૮૪૮ | ૦૬.૦૧.૨૬/મંગળવાર | ૧૦.૦૦ થી ૧૩.૦૦ |
| ૨ | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧ કે.વી.સણીયાહેમદ | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૧૦.૦૦ થી ૧૭.૦૦ |
| 3 | ૬૬ કે.વી.કોસમાડા | ૧૧ કે.વી. નિધિ | સારોલી | ૮૯૮૦૮૦૩૮૫૦ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૧૦.૦૦ થી ૧૭.૦૦ |
| ૪ | ૬૬ કે.વી.કોસાડ | ૧૧ કે.વી. રજવાડી વોટર વર્કસ | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૦૯.૦૦ થી ૧૪.૦૦ |
| ૫ | ૬૬ કે.વી.કોસાડ | ૧૧ કે.વી આસ્થા | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૦૯.૦૦ થી ૧૪.૦૦ |
| ૬ | ૬૬ કે.વી. કોસાડ | ૧૧ કે.વી. સત્તાધાર | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૦૯.૦૦ થી ૧૪.૦૦ |
| ૭ | ૬૬ કે.વી.કોસાડ | ૧૧ કે.વી. વેલકમ | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૦૯.૦૦ થી ૧૪.૦૦ |
| ૮ | ૬૬ કે.વી. લસકાણા | ૧૧ કે.વી. સિદ્ધિ વિનાયક | લસકાણા | ૮૯૮૦૦૩૧૬૬૦ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૧૦.૦૦ થી ૧૪.૦૦ |
| ૯ | ૬૬ કે.વી. લસકાણા | ૧૧ કે.વી. ભાદા | લસકાણા | ૮૯૮૦૦૩૧૬૬૦ | ૦૭.૦૧.૨૬/બુધવાર | ૧૦.૦૦ થી ૧૪.૦૦ |
| ૧૦ | ૬૬ કે.વી. તાપી | ૨૨ કે.વી. કાપોદ્રા | કાપોદ્રા | ૮૯૮૦૮૦૩૮૪૯ | ૦૮.૦૧.૨૬/ગુરુવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૧ | ૬૬ કે.વી. પૂણા | ૨૨ કે.વી.નુતન | યોગીચોક | ૮૯૮૦૮૦૩૮૫૨ | ૦૮.૦૧.૨૬/ગુરુવાર | ૧૦.૦૦ થી ૧૩.૦૦ |
| ૧૨ | ૬૬ કે.વી. ગોથાણ | ૧૧ કે.વી. શક્તિ | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭૫ | ૦૮.૦૧.૨૬/ગુરુવાર | ૧૦.૦૦ થી ૧૩.૩૦ |
| ૧૩ | ૬૬ કે.વી. સરથાણા | ૨૨ કે.વી. યોગીચોક | સીમાડા | ૬૩૫૭૨૩૧૪૩૦ | ૦૯.૦૧.૨૬/શુક્રવાર | ૧૦.૦૦ થી ૧૨.૦૦ |
| ૧૪ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી ગઢપુર | પાસોદરા | ૬૩૫૭૨૩૧૪૦૯ | ૦૯.૦૧.૨૬/શુક્રવાર | ૧૦.૦૦ થી ૧૩.૦૦ |
| ૧૫ | ૬૬ કે.વી. કોસમાડા | ૧૧ કે.વી. શિવાંતા | સીમાડા | ૬૩૫૭૨૩૧૪૩૦ | ૦૯.૦૧.૨૬/શુક્રવાર | ૧૦.૦૦ થી ૧૩.૦૦ |
| ૧૬ | ૬૬ કે.વી. લસકાણા | ૧૧ કે.વી. જયઅંબે | લસકાણા | ૮૯૮૦૦૩૧૬૬૦ | ૦૯.૦૧.૨૬/શુક્રવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૭ | ૬૬ કે.વી. લસકાણા | ૧૧ કે.વી પવન | લસકાણા | ૮૯૮૦૦૩૧૬૬૦ | ૦૯.૦૧.૨૬/શુક્રવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| ૧૮ | ૬૬ કે.વી. વાવ | ૧૧ કે.વી.સ્વસ્તિક અર્બન | પાસોદરા | ૬૩૫૭૨૩૧૪૦૯ | ૦૯.૦૧.૨૬/શુક્રવાર | ૧૦.૩૦ થી ૧૩.૦૦ |
| ૧૯ | ૬૬ કે.વી.કોસાડ | ૧૧ કે.વી પ્રમુખ | કોસાડ | ૮૯૮૦૮૦૩૮૫૧ | ૧૦.૦૧.૨૬/શનિવાર | ૧૦.૩૦ થી ૧૩.૦૦ |
| ૨૦ | ૬૬ કે.વી. તાપી | ૨૨ કે.વી. સ્પીનિંગ મીલ | કાપોદ્રા | ૮૯૮૦૮૦૩૮૪૯ | ૧૦.૦૧.૨૬/શનિવાર | ૧૨.૩૦ થી ૧૪.૦૦ |
| ૨૧ | ૬૬ કે.વી. ગોથાણ | ૧૧ કે.વી. શ્રી હરિ | ગોથાણ | ૬૩૫૭૧૯૬૪૭૫ | ૧૦.૦૧.૨૬/શનિવાર | ૧૫.૦૦ થી ૧૭.૦૦ |

કાર્યપાલક ઇજનેર(સં. અને નિ.),સુરત ગ્રામ્ય વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.